# ઓછા પડે વધારામાં, વાત સમજી શકો ઈશારામાં!

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

દીકરી, પન્નાબહેને હેલી સામે જોઈને પૂછ્યું, "આજે તારું ધ્યાન ખાવામાં નથી લાગતું."

"એવું નથી મમ્મી," હેલીએ પહેલાં પપ્પા સામે અને પછી મમ્મી સામે જોઈને કહ્યું, "મારું ધ્યાન ખાવામાં તો છે જ પણ એન્જિનિયરીંગના છેલ્લા વર્ષમાં છું એટલે ચિત્ત વારંવાર અભ્યાસ તરફ દોડી જાય છે."

"તો ખાતી વખતે મનને કાબૂમાં રાખ," પન્નાબહેને હસીને કહ્યું, "ખાઈશ તો મન સ્થિર રહેશે, ભૂખ્યા પેટે ભણવાનું કે ભજન ન થાય, સમજી? ચાલ, ખાવા માંડ."

હેલી પછી ચૂપચાપ ખાવા લાગી પણ એનું મન તો બિલ્ડિંગોની ડિઝાઈનોમાં જ ભમતું હતું. સિવિલ એન્જિનિયરીંગમાં એની પ્રિય પ્રવૃત્તિ બિલ્ડિંગોની ડિઝાઈન બનાવવાની હતી.

રમણલાલે હેલી તરફ જોયું. એમને લાગ્યું કે, હેલી ખરેખર હોંશિયાર છે. સિવિલ એન્જિનિયર તરીકે એ નામના કમાશે ને પોતાનું નામ પણ ઉજળું કરશે.

જો કે એ પછી તરત એમને એ વિચાર પણ આવ્યો કે, આ તો દીકરીની જાત છે, પાંખ આવે એટલે ઊડી જવાની પારકા ગગનમાં! દીકરો હોત તો એની પાછળ પોતાનું નામ લાગતે પણ આ તો પરણ્યા પછી એના પતિનું નામ જ પાછળ લગાડશે.

અફસોસ સાથે એ ઊભા થયા ને પોતાના શયનખંડ તરફ આગળ વધ્યા.

"કેમ આજે વહેલા સૂઈ જવું છે?" પન્નાબહેને પૂછ્યું.

"હમણાં વેસુ પાસે ત્રણ બેડરૂમના ફ્લેટની એક નવી સાઈટ શરૂ કરી છે. હમણાં જ સાઈટ શરૂ કરી છે, એટલે ધમાલ બહુ રહે છે, એનો થાક લાગે છે."

"પપ્પા," હેલી બોલી, "મારી પરીક્ષા પતવા દો, પછી હું પણ તમારી મદદમાં હાજર રહીશ આખો દિવસ. તમારે જરાય ચિંતા નહીં કરવી પડે."

"હું જાણું છું બેટા," પગ ઉપાડતાં રમણલાલે કહ્યું, "હું પણ તારી પરીક્ષા પતે એની જ રાહ જોઉં છું."

એ ધીમા પગલે શયનખંડમાં પ્રવેશ્યા ને પલંગમાં લંબાવ્યું. એમણે સૂતા પહેલાં પોતાની નવી સ્કીમ વિષે થોડો વિચાર કરી લીધો. એમની આ તેરમી સ્કીમ હતી સુરતમાં. દરેક સ્કીમ વખતે સ્ટાફ પણ નવો જ લેવાનો. એમને યાદ આવ્યું, આ વખતે એક કલાર્ક અને એક એન્જિનિયરની નિમણૂક હજી બાકી છે. કાલથી એ વિષે વિચારવાનું નક્કી કરીને એમણે આંખ બંધ કરી.

આંખ તો જો કે બંધ થઈ પણ મન ખુલ્લું રહી ગયું હતું. વિચારોની વણઝાર પીછો છોડતી ન હતી. એમને વિચાર આવ્યો કે, હેલીને બદલે જો દીકરો હોત તો પોતાનું ઘડપણ સુધરી જાત. આજકાલ કરતાં પોતાને સાઈઠ વરસ થયાં. દીકરો હોત તો થોડાં વરસ પછી પોતે કામ કરવાનું બંધ કરીને એને બધી જવાબદારી સોંપી દેત તો પણ વાંધો ન આવત. હેલી પોતાની વહાલી દીકરી હતી ને પોતાને અને પન્નાને અતિપ્રિય હતી એ જાણતા હોવા છતાં એમને દીકરો ન હોવાનો ખટકો ખૂંચતો હતો.

અચાનક એમને પોતાની પીપલોદમાં બનાવેલી પહેલી જ સ્કીમ 'હરિદર્શન એપાર્ટમેન્ટ'ની ઘટના યાદ આવી ગઈ અને યાદ આવી ગઈ એ સ્કીમ માટે પોતે રાખેલી કલાર્ક નીતા. એ વખતે, એ સ્કીમમાં પોતે શેઠ રમણલાલ તરીકે ઓળખાતા હતા! અચાનક એ સ્કીમ વખતે વીસ-બાવીસ વરસ પહેલાં બનેલી આખી ઘટના જાણે અત્યારે જ બનતી હોય એમ એમની નજર સામે ભજવાઈ રહી.

શેઠ રમણલાલ પીપલોદની નવી સ્કીમની પોતાની ઓફિસમાં ચેર પર બેઠા છે, બાજુમાં એમની આ ફ્લેટ માટે રાખેલ કલાર્ક નીતા ખુરશીમાં બેઠી બેઠી ફાઈલોનાં પાનાં ફેરવતી હતી.

"કેમ નીતા," શેઠ રમણલાલે પૂછ્યું, "આજે ઉદાસ લાગે છે? કૈં તકલીફ છે તને? પૈસાની જરૂર હોય તો કહે, પગાર પેટે એડવાન્સ આપીશ. મુંઝાયા વગર કહે."

કહેવા માટે શબ્દો બહાર આવે એ પહેલાં બળવો કરીને આંસુ બહાર ધસી આવ્યાં.

"અરે અરે," શેઠ રમણલાલ નીતાના સોહામણા ચહેરા પર સરકતાં આંસુ જોઈને બોલ્યા, "રડે છે શા માટે નીતા?"

"શું વાત કરું શેઠ?" નીતા બોલી, "મને પરણ્યાને પાંચ વરસ થયાં પણ સંતાન નથી, મારો વર નપુંસક છે ને અધૂરામાં પૂરું દારૂડિયો છે. રોજ દારૂ પીને મને મારે છે. મારા પગારના પૈસામાંથી અડધા પૈસા તો એ દારૂ પીવામાં જ વાપરી નાખે છે. એનો બે હજાર પગાર પણ પીવામાં જ જાય છે. હવે સહન નથી થતું. કાલે શેઠાણી આવેલા ને તમારી નાનકડી પરી જેવી દીકરી એમની સાથે હતી, એ જોઈને મને પણ થયું કે, મારે પણ સંતાન હોત તો એ સંતાનનું મોં જોઈને આ ત્રાસ વેઠવાની હિંમત વધી જાત." રમણલાલ શેઠ ખુરશીમાંથી ઊભા થયા ને નીતાની નજીક ગયા. "ચિંતા ન કર નીતા," રમણલાલ બોલ્યા, "આજે જતી વખતે પાંચ હજાર લેતી જજે. હું પગારમાંથી નહીં કાપું પણ હવે રડીશ નહીં અને જ્યારે તને જરૂર પડે ત્યારે મારી પાસેથી પૈસા લઈ જજે."

"બસ, પૈસા જ?" નીતા ઊભી થઈને બોલી, "લેતી જઈશ શેઠ પણ મને જો સંતાન હોય તો...."

આટલું કહેતામાં તો એ રમણલાલને ભેટી પડી. એની છાતીની ભીંસે રમણલાલને વિહ્વળ બનાવી મૂક્યા. નીતા શેઠનો હાથ પકડીને બાજુમાં એમના આરામ કરવાના રૂમમાં લઈ ગઈ.

"શેઠ," નીતા બોલી, "હું ગ્રેજ્યુએટ થયેલી છું ને મને આવો વર મળ્યો એનું દુ:ખ મને રોજ પીડે છે. સંતાન હોય તો મારાં બધાં દુ:ખ હું ભૂલી શકું પણ...."

એણે શેઠને હાથ પકડીને પલંગમાં પોતાની પાસે ખેંચી લીધા અને રમણલાલ કશો વિચાર કરે એ પહેલાં તો જે બનવાનું હતું એ બની ગયું!

થોડી વારે રમણલાલ ઊભા થઈ ગયા.

સારી એવી રકમ એને આપી. બીજી સવારે નાસ્તા વખતે હેલી મૂડમાં હતી.

"પપ્પા," એણે કહ્યું, "હું આજે તમારી વેસુની સ્કીમ પર આવું?"


"અત્યારે આવીને શું કરીશ બેટા?" રમણલાલ બોલ્યા, "હજી તો પાયા પણ ખોદાયા નથી, તું શું જોવાની છે?"

"મારે ડિઝાઈન જોવી છે પપ્પા," હેલી બોલી, "આપણે આ બધા ફ્લેટથી કંઈક અલગ કરીએ."

"શું અલગ કરીશું?" રમણલાલે પૂછ્યું.

"જુઓ પપ્પા," હેલી બોલી, "સુરતમાં ચોમાસામાં પાણી ભરાઈ જવાનો મોટો પ્રોબ્લેમ છે. આપણે કંઈક એવું કરીએ કે, ફ્લેટમાં પાણી જ ન ભરાય. હું એનો વિચાર કરીશ."

"બેટા," રમણલાલ બોલ્યા, "તારી પરીક્ષા આવતા મહિને છે, એટલે પહેલા તારી પરીક્ષાનું કર, પછી ફ્લેટનું કરજે. છતાં, તારે જોવી હોય સ્કીમની જગ્યા, તો ચાલ, પછી ગાડી લઈને તું કોલેજ જતી રહેજે ને વળતા



**એમને વિચાર આવ્યો કે, હેલીને બદલે જો દીકરો હોત તો પોતાનું ઘડપણ સુધરી જાત. આજકાલ કરતાં પોતાને સાઈઠ વરસ થયાં. દીકરો હોત તો થોડાં વરસ પછી પોતે કામ કરવાનું બંધ કરીને એને બધી જવાબદારી સોંપી દેત તો પણ વાંધો ન આવત**

નીતા બોલી, "હવે હું આશા રાખું છું કે, મને પણ તમારા જેવી દીકરી કે દીકરો મળશે ને મારું જીવન સરસ બની જશે."

કશું બોલ્યા વિના રમણલાલ ઓફિસમાં ગયા. એમણે તિજોરીમાંથી પાંચ હજાર રૂપિયા નીતાને આપ્યા ને ઘેર જવાનું કહ્યું.

"આ બાબત ભૂલી જજે નીતા," રમણલાલ બોલ્યા, "કોઈનેય જાણ કરવાની જરૂર નથી. તારા વરનું નામ શું?"

"ભલે શેઠ," નીતાએ પૈસા એની પર્સમાં મૂકતાં કહ્યું, "પૈસાની જેમ વાત પણ મારી પર્સમાં મુકાઈ ગઈ છે. હવે ક્યારેય બહાર નહીં આવે. મારા વરનું નામ ગોવિંદ પણ હું તો તમારી આભારી છું શેઠ, કે તમે...."

"બસ, બસ, જા હવે ઘેર, આભારની જરૂર નથી." રમણલાલે કહ્યું.

"કોના આભારની જરૂર નથી?" અચાનક પન્નાબહેન શયનખંડમાં પ્રગટ થયાં ને ભૂતકાળમાં ડૂબેલા રમણલાલ પાછા વર્તમાનના કિનારે નાંગર્યા.

"કોઈનો નહીં," રમણલાલ બોલ્યા, "આ તો એક ભાઈ ફ્લેટ બુક કરાવીને આભાર માનતા હતા એના વિચારોમાં હતો."

"હવે સૂઈ જાવ છાનામાના," કહીને પન્નાબહેને પણ એમની બાજુમાં લંબાવ્યું.

રમણલાલને યાદ આવ્યું કે, એ ઘટના પછી નીતા બીજા જ મહિને પેંડાનું પેકેટ લઈને આવેલી. પ્રેગનન્ટ હોવાની વાત કરતી વખતે એની આંખોમાં પણ આનંદ દેખાતો હતો.

પાંચછ મહિના પછી એણે નોકરી છોડી. રમણલાલે મને લઈ જજે."

એ સાંભળીને હેલી ખુશ થઈ ગઈ. એ પપ્પાની સાથે ગઈ. વેસુની સ્કીમ બનવાની હતી એ જગ્યા એણે જોઈ. બાકીનું બધું પરીક્ષા પછી કરવાનું વિચારીને એ ગાડી લઈને કોલેજ ગઈ.

હેલીની પરીક્ષા પતી. એણે પરિણામ આવતાં પહેલાં જ પપ્પાની વેસુની સ્કીમ પર જવાનું શરૂ કરી દીધું. એણે ડિઝાઈન જોઈ. એમાં કંઈક એવું કરવાનું એણે વિચાર્યું કે, બહારનું પાણી અંદર ન આવે. ઘણું વિચાર્યા પછી એને કશું સૂઝ્યું નહીં.

"પપ્પા," એણે કહ્યું, "મારી સાથે સિવિલમાં જ એક છોકરો હતો, મયંક એનું નામ. એની સાથે મળીને અમે બહારનું પાણી ફ્લેટમાં ન ઘુસે એવી ડિઝાઈન કરીશું. એ બહુ હોંશિયાર છે."

"એ હોંશિયાર હોય," રમણલાલ બોલ્યા, "ને એને નોકરી કરવી હોય તો આપણે એક સિવિલ એન્જિનિયર રાખવાનો જ છે સ્કીમ માટે, તો એને રાખી લઈશું. અત્યારે ત્રીસ હજાર આપીશું." "વાહ," હેલી બોલી, "તો તો હું કાલે જ એને લેતી આવીશ." "સરસ," રમણલાલ બોલ્યા, "તું જા હવે, ને એને મળીને વાત કર." હેલી પવનની ગતિએ ઊપડી. મયંક વરાછામાં રહેતો હતો. હેલી ગઈ ત્યારે એ ઘેર જ હતો. હેલીએ એને ફ્લેટની ડિઝાઈન બતાવી ને પોતાનો પાણીનો પ્રશ્ન કહ્યો. એ સાથે જ એણે નોકરી માટે બીજા દિવસે પોતાની સાઈટ પર આવવાનું પણ કહી દીધું. બીજા દિવસે મયંક સાઈટ પર ગયો ત્યારે રમણલાલ બહાર ગયા હતા પણ હેલી હતી. એને ત્રીસ હજારના પગારમાં હેલીએ નોકરીએ આવવાનું કહી દીધું."હેલી," મયંક બોલ્યો,"મને એક વિચાર આવે છે. આપણે ફ્લેટના મેન ગેટને ડેમના દરવાજા જેવો દરવાજો બનાવડાવીએ, જે પાણી ભરાય બહાર, ત્યારે નીચેથી ઊંચો થઈ જાય. એક ટીપું પણ પાણી અંદર ન આવે ને બહાર કોઈ રહી ગયું હોય તો મેન ગેટની બાજુમાં એક લિફ્ટ રાખીએ. પાણીના લીધે બહાર રહી ગયેલું કોઈ આવે તો લિફ્ટમાં જઈને બટન દબાવે એટલે લિફ્ટ ગેટ કરતાં થોડી વધારે ઊંચે જાય, પછી ફ્લેટના કમ્પાઉન્ડ તરફ વળે ને કમ્પાઉન્ડમાં ગેટ પાસે જ ઊતરે." "પણ એમાં તો કોઈ પણ માણસ અંદર આવી જાય!" હેલી બોલી, "આપણે દરેક ફ્લેટમાં એક કાર્ડ આ લિફ્ટ માટે આપીએ. બટન દબાવવાને બદલે લિફ્ટના સ્લોટમાં એ કાર્ડ નાખે, ત્યારે લિફ્ટ ચાલુ થાય!" "વાહ." મયંક બોલ્યો, "સરસ વિચાર છે. હવે તારા પપ્પાને વાત કરજે. હું કાલે આવીશ." હેલીએ એના પપ્પા આવ્યા એટલે વાત કરી ને એના પપ્પા પણ સંમત થયા. સ્કીમનું કામ શરૂ થયું જ હતું એટલે રમણલાલે કોન્ટ્રાક્ટરને બોલાવીને વિગત સમજાવી દીધી. હેલી પણ એ પછી વરાછા ગઈ. મયંકને લઈને એ એક હોટેલમાં નાસ્તો કરવા ગઈ.

"મયંક," હેલી બોલી, "હું તને લગ્નનું ક્યારની કહ્યા કરું છું પણ તું પછી વાત પછી વાત કહીને ટાળ્યા કરે છે એટલે મેં ઘેર પણ વાત નથી કરી. બોલ, હવે ક્યારે લગ્ન કરીશું?" "આપણે કોલેજના પહેલા વરસથી પ્રેમમાં છીએ હેલી," મયંક બોલ્યો, "પણ એનો અર્થ એ નથી કે આપણે તરત જ પરણી જવું જોઈએ. આપણી વેસુની સ્કીમ પૂરી થવા દે, પછી આપણા આ નવા પ્રયોગની લોકો કેવી નોંધ લે છે એ જોઈશું, પછી લગ્નની વાત કરીશું. તું પણ પછી ઘેર વાત કરજે."

"ભલે," હેલી બોલી, "મારે પણ એવી કંઈ ઉતાવળ નથી. આપણે એ પછી જ લગ્ન ને પ્રેમ વિષે વાત કરીશું. ત્યાં સુધી તું અમારે ત્યાં એન્જિનિયર તરીકે નોકરી કરે છે એમ જ રાખજે." "ચોક્કસ," મયંક બોલ્યો, "હું એ જ રીતે વર્તીશ."

બીજા દિવસથી મયંક કામે લાગી ગયો. રમણલાલ ભાગ્યે જ એને મળતા પણ કોન્ટ્રાક્ટરના એકેએક કામ પર મયંકની નજર રહેતી. ડિઝાઈન પ્રમાણે કામ ન થતું હોય ત્યાં એ ભાગ તોડાવીને એ ફરીથી એ ભાગ બનાવડાવતો. લગભગ દસેક મહિનામાં ફ્લેટનું મોટાભાગનું કામ પૂરું થયું. હવે વાયરીંગ અને પ્લમ્બિંગનું કામ જ બાકી હતું ને એમાં એની જરૂર નહોતી, એટલે હેલીને લાગ્યું કે, હવે લગ્નની વાત કરવામાં વાંધો નથી. મયંક પણ સંમત થયો. "પપ્પા," એક સાંજે હેલીએ કહ્યું, "પપ્પા, મમ્મી, મારે એક વાત કરવી છે." "બોલ બેટા," પન્ના હસી, "મારા ખ્યાલથી તારા પ્રેમની જ વાત હશે!"

"હા મમ્મી," હેલી શરમથી નીચું જોઈને બોલી, "છોકરો સારો છે, એન્જિનિયર છે. તમે હા કહો, તો કાલે એને ઘેર બોલાવું." "કાલે સાંજના બોલાવજે." રમણલાલે કહ્યું. બીજા દિવસે સાંજના હેલીના કહ્યા પ્રમાણે મયંક આવ્યો. રમણલાલ તો એને જોઈને આશ્ચર્ય પામ્યા. "લે," એમણે કહ્યું, "આ તો આપણો જ માણસ છે!" "હા પપ્પા," હેલી બોલી, "અમે સાથે ભણતાં હતાં, ત્યારથી...." "ભલે બેટા," રમણલાલ બોલ્યા, "ક્યાં રહે છે તું?" "અમે વરાછામાં રહીએ છીએ,મારી મમ્મી નોકરી કરે છે." "તારા પપ્પા શું કરે છે?" પન્નાબહેને પૂછ્યું.

"મારા પપ્પા પાંચ વરસ પહેલાં જ અવસાન પામ્યા."

રમણલાલ બોલ્યા, "શું નામ તારા પપ્પાનું?"

"મારા પપ્પાનું નામ ગોવિંદ," મયંક બોલ્યો, "મારી મમ્મીને તો તમે ઓળખતા જ હશો, વીસેક વરસ પહેલાં એ તમારી સ્કીમમાં જ કલાર્ક હતી."

"શું નામ તારી મમ્મીનું?" રમણલાલે પૂછ્યું.

"મારી મમ્મીનું નામ નીતા," મયંકે કહ્યું ને રમણલાલ સ્તબ્ધ થઈ ગયા.

"તારે બીજાં કોઈ ભાઈ-બહેન ખરાં?"

"ના," મયંક બોલ્યો, "મારી મમ્મીનો હું એક જ દીકરો છું." "સારું," રમણલાલ બોલ્યા, "હું કાલે વાત કરીશ." રમણલાલે પન્નાને જમવાની વ્યવસ્થા કરવાનું કહ્યું. જમીને મયંક વિદાય થયો. એ રાત્રે રમણલાલે હેલીને પોતાના રૂમમાં બોલાવી.

"દીકરી," રમણલાલ બોલ્યા, "આ લગ્ન માટે મારી સ્પષ્ટ ના છે. હું તને કારણ નથી આપી શકતો પણ આ લગ્ન થઈ ન શકે. તું મયંકને ભૂલી જજે. એ ભલે આપણે ત્યાં નોકરી કરે. તું કહે તો એનો પગાર લાખ રૂપિયા કરી દઈશ, પણ લગ્નની વાત તું ભૂલી જ જજે. મારા ઈશારામાં જ સમજી જજે. આ મારી આજ્ઞા છે."

હેલી લાચાર નજરે પોતાના રૂમમાં ગઈ ને રમણલાલ પણ લાચાર નજરે પોતાના પલંગ પર આડા પડ્યા.

(શીર્ષકપંક્તિઃ દીપક વાલેરા)